યાત્રાધામ શામળાજીમાં ભગવાન જગન્નાથની રથયાત્રા ચાંદીના રથમાં નિકળી

ભગવાન ની રથયાત્રા મંદિર પરિસરમાં નિકળી હતી. ભગવાન ની પુજા વિધિ કરીને રથમાં બિરાજમાન કરવામાં આવ્યા હતા. મોટી સંખ્યામાં ભક્તો ઉમટ્યા. ભક્તો નેં ફણગાવેલા મગ જાંબુ તથા કેરીનો પ્રસાદ આપવામાં આવ્યો હતો. રથયાત્રા દરમિયાન વરસાદે અમી છાંટણા કર્યો હતા. આજરોજ આષાઢી બીજ નાં દિવસે યાત્રાધામ શામળાજી માં ભગવાન જગન્નાથની રથયાત્રા ચાંદીના રથમાં બિરાજમાન કરીને મંદિર પરિસરમાં ફેરવવામાં આવી હતી મંદિર નાં પુજારી પરેશભાઈ દ્વારા ભગવાન જગન્નાથની પુજા વિધિ કરીને ભગવાન ને ચાંદીના રથમાં બિરાજમાન કરવામાં આવ્યા હતા બેન્ડ ની સુરાવલીઓ તથા બંદુકના ભડાકા સાથે રથયાત્રા નું પ્રસ્થાન કર્યું હતું ભજન મંડળીઓ દ્વારા ભજનોની રમઝટ બોલાવી હતી વાતાવરણ ભક્તિમય બની ગયું હતું મોટીસંખ્યામાં ગામજનો તથા ભકતો ઉમટયાં હતાં ભગવાન જગન્નાથના દર્શન કરી નેં ધન્યતા અનુભવતા હતા મંદિર ટ્રસ્ટ દ્વારા ભકતો નેં ફણગાવેલા મગ જાંબુ તથા કેરીનો પ્રસાદ આપવામાં આવ્યો હતો શાંતિ પુણે રથયાત્રા નિકળી હતી શામળાજી પી એસ આઈ બી એચ ચોહાણ દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

ગાંભોઈ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં નિવૃત્તિ વિદાય સમારંભ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના ગાંભોઇ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા કર્મચારી અને રાજેન્દ્રનગરના વતની પૂજાભાઈ ડી. વણકર પોતાની ત્રીસ વર્ષની નોકરી પૂર્ણ કરી વય નિવૃત થતાં આરોગ્ય કેન્દ્રનાં કર્મચારી પરિવાર દ્વારા તેમનો સન્માન સમારંભ યોજાયો હતો. જેમાં વિદાય લેતા કર્મચારીના સ્નેહીજનો, પૂર્વ તબીબો, મિત્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રના તમામ સ્ટાફની ઉપસ્થિતિમાં પૂજાભાઈનુ શાલ ઓઢાડી મોમેન્ટો, સન્માનપત્ર સહિત ભેટ સોગાદ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. વિદાય લેનાર કર્મચારીએ વર્ગે-૦૪ ના કર્મચારીઓને ટિફિનની ભેટ આપી હતી. આ સમારંભ સુંદર રીતે સંપન્ન થયો હતો.

પ્રાંતિજ ખાતે લોન્ડ્રીનો ધંધો કરતા વેપારીની પ્રમાણિકતા જોવા મળી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે લોન્ડ્રી માલિક ની પ્રમાણિકતા જોવા મળી ભુલથી કપડાની થેલીમા કપડા સાથે ૫૦,૦૦૦ આવી જતા ગ્રાહક ને પરત કર્યા. પ્રાંતિજ રેલ્વેસ્ટેશન વિસ્તારમા આવેલ તાલુકા સેવા સદન ગેટ પાસે એક નાનકડા કેબીન માં પોતે લોન્ડ્રી નો ધંધો કરી પોતાનુ અને પોતાના પરિવારનુ ગુજરાન ચલાવતા પ્રકાશ પાવર લોન્ડ્રી ના માલિક કિરણભાઇ રાઠોડ કે જેવો છેલ્લા ૨૦ વર્ષ થી લોન્ડ્રી નો ધંધા કરે છે અને લોકો તેમની લોન્ડ્રી ખાતે કપડા લઈને આવે છે અને તેવો કપડા ની લોન્ડ્રી કરી ગુજરાન ચલાવે છે ત્યારે તેવોને ત્યા લોન્ડ્રી માટે ગ્રાહકો કપડા ને પ્લાસ્ટિક કે કપડા ની થેલી કે પોટલુ બાધીને કપડા લઈ આવતા હોય છે અને કિરણભાઈ એક પછી એક ગ્રાહક ના કપડા લોન્ડ્રી માટે લેતા હોય છે જેમા ત્યારે એક ગ્રાહક ને ત્યાંથી કાપડની થેલી મા આવેલ કપડા બહાર કાઢતા હતા ત્યારે ગ્રાહક ની કપડા ની થેલી મા મુકેલ ૫૦,૦૦૦ ભુલથી થેલી કપડા ભરી ને આવી ગઈ હતી જેથી કિરણભાઇ એ થેલી માલિક ને જાણ કરી હતી અને માલિક ને બોલાવીને રકમ પરત કરી હતી ત્યારે હજુએ પ્રમાણિકતા મળી પરવારી નથી તેમ કહીએ તો નવાઈ નહી ત્યારે આ નાનકડા કેબીન મા લોન્ડ્રી નો ધંધો કરતા આ પ્રામાણિક લોન્ડ્રી માલિક ની પ્રમાણિકતા ને સલામ છે.

પ્રાંતિજ દુધ ઉત્પાદક સહકારી મંડળીની વાર્ષિક સાધારણ સભા યોજાઈ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ ધી પ્રાંતિજ દુધ ઉત્પાદક સહકારી મંડળની ૪૨ મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ. પ્રાંતિજ દુધ ઉત્પાદક સહકારી મંડળીની ૪૨ મી વાર્ષિક સાધારણ સભા મંડળીના સભાખંડ ખાતે યોજાઈ હતી જેમા હિસાબો વંચાણે લીધાબાદ ૨૦૨૧-૨૦૨૨ મા વધુ કિંમત નુ દુધ ભરાયેલા ગાયના તથા ભેસના દુધ ના દશ-દશ સભ્યોને મોમેન્ટો આપી સન્માન કરવામા આવ્યુ હતુ તો સભામા કામોનુ સર્વાનુમતે મંજુર કરવામા આવ્યા હતા ૪૦૫ ધરાવતી આ દુધ મંડળીમા મોટી સંખ્યામા સભ્યોની હાજરી જોવા મળી હતી તો આ પ્રસંગે મંડળીના ચેરમેન ચિનુભાઈ પટેલ, સેક્રેટરી રામાભાઈ પટેલ, માજી સેક્રેટરી બાબુભાઈ પટેલ સહિત મંડળ ના સભાસદો મોટી સંખ્યામાંઉપસ્થિત રહ્યા હતા.

અરવલ્લી : જગતના નાથ નગરજનોને દર્શન આપવા નીકળ્યા....

પ્રારંભમાં અમી છાંટણા પછી અસહ્ય બફારા અને ગરમીમોં ભક્તોમાં અનેરો ઉત્સાહ : યાત્રાધામ શામળાજી, ધનસુરા ભવ્ય રથયાત્રા: જગન્નાથજી ભગવાન ભાઈ બલરામ અને બહેન સુભદ્રાજી મોડાસામાં ભવ્ય રથયાત્રા નીકળી : અખાડાના કરતબોથી નગરજનો દંગ બન્યા : વરસાદી માહોલ ભક્તો માં અનેરો ઉત્સાહ : ઠેર ઠેર અગ્રણીઓએ રથયાત્રાનું સ્વાગત કર્યું

મોડાસા, તા. ૧

અરવલ્લી જીલ્લાના મોડાસા શહેરમાં આજે ભગવાન જગન્નાથ યાત્રાની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.૪૦ મી રથયાત્રા મોડાસા શહેરના માર્ગો પર દબદબાભેર નીકળી હતી ભગવાન બાલકદાસજી ના નિજમંદિરે થી નીકળેલી રથયાત્રામાં ભજન મંડળીઓ બેન્ડવાજા,ઢોલી,અખાડાના કરતબો અને આકર્ષણ જમાવ્યું હતું મુસ્લિમ સમાજના બિરાદરોએ ચાર રસ્તા પહોંચેલી શોભયાત્રાનું ભવ્ય સ્વાગત કરતા કોમી એકતાના દર્શન થયા હતા સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી મંદિર પરિસરમાં રથયાત્રા નીકળતા મોટી સંખ્યામાં ભક્તો ઉમટ્યા હતા ધનસુરામાં જગનના નાથ ભજન કીર્તન સાથે નીકળતા દર્શનાર્થીઓ દર્શનનો લ્હાવો લીધો હતો બાયડમાં સુંદરપુરાથી નીકળેલ રથયાત્રામાં માનવમહેરામણ ઉમટ્યું હતું જીલ્લા પોલીસ તંત્ર દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો રથયાત્રા ઉત્સવ સમિતિના પ્રમુખ દિલીપ ભાવસાર અને તેમની ટીમે રથયાત્રા શાંતિપૂર્ણ માહોલમાં સંપ્પન થતા ભક્તોનો આભાર વ્યક્ત કાર્યો હતો.

અરવલ્લી જીલ્લામાં "હાથી ઘોડા પાલખી જય કનૈયા લાલકી" જયઘોષ થી સમગ્ર જીલ્લામાં ભક્તિમય માહોલ સર્જાયો હતો મોડાસા શહેરમાં રથયાત્રા ઉત્સવ સમિતિ મોડાસા અને શ્રદ્ધાળુઓ દ્વારા ૪૦મી રથયાત્રામાં ભગવાન જગન્નાથને રથમાં બેસાડી ને શોભયાત્રા નીકળવામાં આવી હતી મોડાસા શહેરની શેરીએ શેરીએ જગતના નાથ જગન્નાથ જગના દર્શનાર્થે નીકળતા દર્શનનો લ્હાવો લેવા શ્રદ્ધાળુઓ ઉમટ્યા હતા ચાર રસ્તામાં મુસ્લિમ બિરાદરોએ રથયાત્રાનું સ્વાગત કર્યું હતું સમગ્ર રૂટ પર વિવિધ સમાજ દ્વારા રથયાત્રામાં જોડાયેલા ભક્તો માટે લીંબુ સરબત,ચા પાણી, નાસ્તો,મિનરલ વોટર, છાસ, ગ્લુકોઝ બિસ્કિટ વ્યવસ્થા કરવામાં આવી હતી

મોડાસા શહેરના બાલકદાસજી મંદિરેથી યોજાતી જગન્નાથજીની રથયાત્રાને લઈને દર્શન કરવા માટે અરવલ્લી જિલ્લા કલેક્ટર ડો.નરેન્દ્રકુમાર મીના પહોંચ્યા હતા જ્યાં જગતનના નાથના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. જિલ્લા કલેક્ટર પરિવાર સાથે જગન્નાથજીના દર્શન કરવા માટે પહોંચ્યા હતા,જ્યાં જગન્નાથજીનો રથ ખેંચી રથયાત્રાનો શુભારંભ કરાવ્યો હતો. રથયાત્રા પહેલા મંદિર પરિસરમાં ફરી હતી, જ્યાં જિલ્લા કલેક્ટર ડોક્ટર નરેન્દ્રકુમાર મીના પણ દર્શનનો લ્હાવો લેવા માટે પહોંચ્યા હતા. મોડાસા ચાર રસ્તા રથયાત્રા પહોંચતા શહેરના અગ્રણીઓ સહીતમોટી સંખ્યામાં નગરજનો અને જિલ્લાવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા ભગવાન જગન્નાથ ના દર્શન કરી "જય રણછોડ માખણ ચોર" ના નારા ગુંજી ઉઠ્યા હતા ભક્તોએ મગ અને જાંબુનો પ્રસાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવી હતી

આલોકનાથના રોલમાં રહેલા એકનાથ બન્યા મહારાષ્ટ્રના નવા લોકનાથ...."

થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ....?

બાયડ તા.૧

છેલ્લા દસ દિવસથી ચાલી રહેલા મહારાષ્ટ્રના રાજકીય ખેલનું તદ્દન આશ્ચર્યજનક પરિણામ આવ્યું... ગઈકાલે અચાનક મુંબઈની મોસમ બદલાઈ અને જાણે મેઘરાજા મહારાષ્ટ્રના નવા 'નાથ' ના વધામણાં કરવા અધીરા બન્યા હતા!! ઉદ્ધવજી પરિસ્થિતિ પામી ગયા કે કુદરતને પણ પોતે સત્તા ઉપર રહે તે મંજૂર નથી એવો સંકેત મળતા પોતાનું રાજીનામુ મૂકી દીધું... મેઘરાજાએ પણ આ રાજીનામા ને સ્વીકૃતિ આપી હોય તેમ સતત વરસી રહ્યા છે અને સાથે સાથે ઉચાટભર્યા વાતાવરણમાં મહારાષ્ટ્રને "એકનાથ નામથી એક નવા નાથ મળી ગયા...!!"

એવું લાગી રહ્યું હતું કે મહારાષ્ટ્રમાં સત્તાના સૂત્રો ભાજપના દેવેન્દ્રજી સંભાળશે પણ લોકો સાચું કહે છે કે આજના ભાજપને પરખવુ અઘરું છે!! દરેકને અચંબામાં મુક્તા ભાજપના મોવડીમંડળે એકનાથ શિંદેને મહારાષ્ટ્રમાં મુખ્યમંત્રી પદે બેસાડી દીધા... 'ભાજપે બર્બરીકની માફક એક તીરે અનેક પત્તાં વીંધી નાંખ્યા!!' પોતાના ઉપર સત્તાની લાલચનું આળ ટાળ્યું, બળવાખોર શિવસેનાના વિધાયકોને એક દોરડે બાંધી દીધા, હિન્દુત્વનું પુનઃસ્થાપન કર્યું, ઉદ્ધવજીનું ઘમંડ તોડ્યું તો કોંગ્રેસ- દ્રઝૅ ને નિયંત્રિત કરી દીધા અને સૌથી મોટું કામ તો ભાજપનું મહારાષ્ટ્રમાં ભવિષ્ય સુનિશ્ચિત કરી દીધું!! ટીવી પત્રકારો, વિશ્લેષકો હોય કે વિરોધ પક્ષના પ્રવક્તાઓ હોય તેમને નવેસરથી લેસન કરવું પડ્યું કારણકે તેમને પણ આવું કઈ વિચાર્યું જ નહોતું....

ભાજપ હવે એકપણ કદમ વિચાર્યા વગર ભરતું નથી તેવું લોકો બોલવા લાગ્યા છે!! અને છેલ્લા ૮ વર્ષના અનુભવ પછી લોકોનો વિશ્વાસ મજબૂત થતો જાય છે કે ભાજપનું કોઈપણ પગલું આગળ જતાં પક્ષ અને રાષ્ટ્ર બંને માટે ફાયદામંદ જ હશે!! આઝાદી પછી આ રીતનો ભરોસો અગાઉની એકપણ સરકારમાં જોવા મળ્યો નથી. બાલાસાહેબ ઠાકરેની હિન્દુત્વ વિચારધારાની ઈર્ષ્યા પણ કરી અને બખૂબી રીતે હિન્દુત્વથી ભટકી ગયેલા ઉદ્ધવજીને માતોશ્રીમાં આરામ કરવા બેસાડી પણ દીધા.... રાજનીતિમાં ભાજપના મોવડી મંડળના નેતાઓ આટલા માસ્ટર બ્લાસ્ટર સાબિત થશે તેવું કોઈએ સપનામાં પણ વિચાર્યું નહોતું...

મહારાષ્ટ્રમાં શિવસેનાના ધારાસભ્યો અને શિવસૈનિકો અઢી વર્ષથી સતત અકળામણ અનુભવી રહ્યા હતા. ઉદ્ધવજીએ કોંગ્રેસ-NCP જોડે ગઠબંધનજ વિચારધારાથી વિપરીત કર્યું હતું. લોકોનો અસંતોષ ભારેલા અગ્નિ જેવો હોય છે એટલે પ્રજાની ઈચ્છા વિરુદ્ધ સરકાર કામ કરવા જાય અને લોકોની ભાવનાને નજરઅંદાજ કરવા લાગે તેના પરિણામ કઈક આવા જ આવીને રહેતા હોય છે.... આશા રાખીએ કે મહારાષ્ટ્રના નવા નાથ એકનાથ ફરીથી હિન્દુત્વ કાયમ કરે...

ભૂમાફીયાઓને છાવરતા તંત્ર સામે વધતો લોકરોષ

હિંમતનગરના હડીયોલમાં બનાવટી દસ્તાવેજના આધારે જમીન પચાવી પાડવાનો ખેલ

સરપંચ સહિત ગ્રામજનોએ કલેક્ટર કચેરી માથે લીધી, આવેદનપત્ર અપાયું

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૧

હિંમતનગરના હડીયોલમાં બનાવટી દસ્તાવેજના આધારે જમીન પચાવી પાડવાની સાજીશ સામે આવતાં હડીયોલ ગ્રામ પંચાયતના

સરપંચ સહિત ગ્રામજનોએ કલેક્ટર કચેરીએ પહોંચી આવેદનપત્ર આપ્યું હતું અને ભૂમાફીયાઓને સાણસામાં લેવાની માંગ કરી છે. આવનારા દિવસોમાં આ મામલે ઉગ્ર જંગના ઓછાયા જોવા મળ્યા છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર તાલુકાના હડીયોલ ગામના અને હાલ બોટાદ જિલ્લાના માંડવાધર રહેતા અને પ્રા.શિક્ષક તરીકે ફરજ બજાવતા નરેશભાઈ પોપટભાઈ પટેલની હડીયોલ ગામના સર્વે નં.૧૦૮૨, ખાતા નં.૪૭૦વાળી જમીન તેઓએ કોઈને પણ વેચાણ આપી ન હતી છતાં તા.૨૮ના રોજ તેમને મોબાઈલ ઉપર જાણકારી મળી કે મૂળજીભાઈ રામાભાઈ રાત સહિતના કેટલાક માણસોએ ભેગા મળી જમીન ખરીદી છે તેમ કહી ઝઘડો કર્યો હતો. ત્યારબાદ શિક્ષકને જાણવા મળ્યું કે મૂળજીભાઈ રામાભાઈ રાત અને તેમની સાથે આવેલા કેટલાક જમીન દલાલોએ ભેગા મળીને તેમની જમીનનો દસ્તાવેજ તા.૨૭--૨૦૨૨ના રોજ રજીસ્ટ્રાર કચેરીહિંમતનગરમાં નોંધાયેલો છે પરંતુ શિક્ષકે આવો કોઈ દસ્તાવેજ કરી આપ્યો નથી જેથી પોતાની સાથે છેતરપીંડી થઈ છે

કોની સામે ફરિયાદ આપી...

મૂળજીભાઈ રામાભાઈ રાત, રહે. ૧૦-બી, અમીપાર્ક સોસાયટી, હિંમતનગર
પિયુષકુમાર અમૃતભાઈ વણકર, રહે.હડીયોલ, તા.હિંમતનગર
આનંદકુમાર ડાહ્યાભાઈ પટેલ, રહે.હીરપુરા, તા.વિજાપુર
નરેશભાઈ પોપટભાઈ પટેલના નામથી નકલી ઉભો થયેલ માણસ તથા અન્ય અજાણ્યા કાવતરાખોરો.

તેમ જણાતાં તેઓએ આ અંગે હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ૫ થી વધુ આરોપીઓ વિરુદ્ધ છેતરપીંડી કર્યાની ફરિયાદ નોંધાવી છે. જ્યારે ગામના શિક્ષક ખેડૂતની જમીન હડપ કરવાનો પ્રયાસ થયાની વિગતો બહાર આવતાં ગ્રામ પંચાયતના સરપંચ મહેન્દ્રભાઈ બી. પટેલ સહિત ગ્રામજનો સાથે રેલી યોજી કલેક્ટરને આવેદનપત્ર આપ્યાનું પણ જાણવા મળ્યું છે તેમજ હડીયોલ ગામ સમસ્ત અન્યાય થયેલા ખેડૂતોને ન્યાય આપો અને ફ્રોડ કરનારાઓને સજાની માંગ કરી છે.

ધનસુરા ખાતે ભગવાન જગન્નાથજીની ભવ્ય રીતે રથયાત્રા યોજાઈ હતી

ધનસુરા, તા. ૧

અરવલ્લી જિલ્લાના ધનસુરા ખાતે ભવ્ય રીતે રથયાત્રા યોજાઈ હતી ધનસુરા ના પ્રસિદ્ધ રામજી મંદિર ખાતેથી વર્ષો થી રથયાત્રા યોજાય છે આ વખતે પણ રથયાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું અને ભગવાન નગરચર્યા એ નીકળ્યા હતા.રામજી મંદિર ના મહંત મહામંડલેશ્વર પુરણશરણદાસજી મહારાજ અને ભક્તો દ્વારા ઢોલ નગારા અને ભજન સાથે વાજતે ગાજતે ભવ્ય રીતે રથયાત્રા યોજાઈ હતી. ધનસુરા ના માધુભાઈ સોની ના ઘરે ભગવાનનું મોસાળું યોજાયું હતું જ્યાં ભગવાન ની પૂજા અર્ચના કરવામાં આવી હતી. રથયાત્રા નગરના વિવિધ વિસ્તારોમાં થઈ પસાર થતાં લોકોએ ભગવાનના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.સાથે રથયાત્રા ને લઈને પ્રસાદીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ધનસુરા ગામના નગરજનો મોટી સંખ્યામાં જોડાયા હતા. અને ભગવાન ના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

અરવલ્લીમાં વાહન ચોર ટોળકીનો તરખાટ યથાવત

ઈસરી-શામળાજીમાંથી ૨ બાઈક ઉઠાવ્યાં

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૧

અરવલ્લીમાં વાહન ચોર ટોળકીનો તરખાટ યથાવત રહ્યો છે. વાહન ચોર મેઘરજ તાલુકાના ઈસરી અને ભિલોડા તાલુકાના શામળાજીમાંથી ૨ બાઈક ઉઠાવી ફરાર થઈ જતાં ઈસરી અને શામળાજી પોલીસે અજાણ્યા વાહન ચોર સામે ગુનો નોંધ્યો છે. છેલ્લા કેટલાય સમયથી વાહન ચોરીના બનાવોને અંજામ આપી ચોક્કસ ટોળકીએ પોલીસના નાકે દમ લાવી દીધો છે. વાહન ચોરીની ફરિયાદો નોંધાય છે પરંતુ ગુનેગારો પોલીસની પક્કડમાં આવતા નથી. મેઘરજ તાલુકાના ઈસરી ગામે રાત્રિના સમયે ત્રાટકેલા વાહન ચોર જોસેફકુમાર આનંદભાઈ ડેનના ઘર આગળથી રૂ ૮૦ હજારની કિંમતનું પલ્સર બાઈક ઉઠાવી ફરાર થઈ જતાં પોલીસ દોડતી થઈ છે. બનાવ અંગે ઈસરી પોલીસે વાહન ચોરીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે જેમાં ટૂંક સમયમાં જ વાહન ચોરીનો ભેદ ઉકેલાઈ જવાની આશા પોલીસે વ્યક્ત કરી છે. જ્યારે બીજા બનાવમાં ભિલોડા તાલુકાના ઓડ ગામના મનિષ બચુભાઈ ડામોર શામળાજીના મુખ્ય બજારમાં તેમનું બાઈક પાર્ક કર્યું હતું જે સમયે કોઈ વાહન ચોર ૩૦ હજારનું બાઈક ઉઠાવી ફરાર થઈ ગયો હતો. ધોળે દિવસે વાહન ચોર બજારમાંથી બાઈક ચોરી પલાયન થઈ જતાં શામળાજી પોલીસે વાહન ચોરીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મફત અને સસ્તી વીજળીની માંગ સાથે આપના કાર્યકરોની મસાલ રેલી યોજી : બનાસકાંઠા જિલ્લાના ડીસામાં આપના કાર્યકરોની ધરપકડ કરાઈ

પાલનપુરમાં બે વર્ષ બાદ ભગવાન જગન્નાથની રથયાત્રા રંગેચંગે સંપન્ન

પાલનપુર તા.૧

આજે અષાઢી બીજે ભગવાન જગન્નાથ બેન સુભદ્રા અને ભાઈ બલરામને ભવ્ય રથયાત્રા કોરોનાના બે વર્ષ બાદ બનાસકાંઠા જિલ્લામાં યોજવામાં આવી હતી. જિલ્લાના પાલનપુર ડીસા થરાદ અંબાજી ખાતે ભગવાન જગન્નાથની રથયાત્રા રંગેચંગે મોડી સાંજે સંપન્ન થઈ હતી.

આ અંગે વધુ વિગતો આપતા અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી . જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, પાલનપુર મોટા રામજી મંદિર ખાતેથી આજે વહેલી સવારે મંગળા આરતી બાદ ભગવાનની રથયાત્રા નો પ્રારંભ થયો હતો. ભગવાનના ત્રણ રથમાં એકમાં ભગવાન જગન્નાથ બીજામાં બેન સુભદ્રા અને ત્રીજામાં ભાઈ બલરામ અને બિરાજમાન કરાયા હતા. આ વર્ષે સૌપ્રથમવાર પાલનપુરમાં ભગવાનનું મોસાળું ભરવામાં આવ્યું હતું. જેમાં હનુમાન ટેકરી હાઈવે વિસ્તાર ન ભાવિકો દ્વારા ભગવાનનું મોસાળુ રૂપિયા ચાર લાખનું ભરાયું હતું. ગતરોજ રાજ્યના ગૃહ મંત્રી પાલનપુર પધાર્યા હતા. ભગવાનના દર્શન કરી ધન્ય બન્યા હતા. રથયાત્રા ના પ્રારંભે ચાર કેસરી સાફા ધ્વજ ધારી ઘોડેસવારો શણગારેલા ગજરાજ અને અને રામાનંદી સંપ્રદાયના સાધુ સંતો દ્વારા અંગ કસરત કરતા અને ખેલો નું પ્રદર્શન કરાયું હતુ. જેને રથયાત્રામાં ભારે આકર્ષણ ઊભું

કર્યું હતું. રથયાત્રામાં શણગારેલા ટ્રેક્ટરોમાં ભજન મંડળીઓ ફણગાવેલા મગ અને જાંબુનો પ્રસાદ અને મોહનથાળ નો પ્રસાદનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. રથયાત્રા સવારના સમયે મોટા રામજી મંદિર થી નીકળી શહેરના રાજમાર્ગો ઉપર મોટી બજાર નાની બજાર ત્રણ બત્તી જુમ્મા મસ્જિદ ઝઠામણ દરવાજા અંબિકા નગર થઈ નવા લક્ષ્મીપુરા પહોંચી હતી. જ્યાં પાલનપુરના ધારાસભ્ય દ્વારા ભાવિક ભક્તોને ભોજન પ્રસાદનું સુંદર આયોજન કરાયું હતું.

આ રથયાત્રા અગાઉ બનાસકાંઠા કલેક્ટર અને બનાસકાંઠા એસપી દ્વારા શહેરના રથયાત્રાના રાજમાર્ગો ઉપર સતત ત્રણ દિવસથી પોલીસના વિવિધ વાહનો રિહર્સલ કરવામાં આવ્યું હતું. સંવેદનશીલ શહેર ગણાતા પાલનપુર માં ભાવિક ભક્તોએ સંયમ જાળવી રથયાત્રા ને સફળ બનાવી હતી. ભગવાન જગન્નાથની રથયાત્રામાં બજરંગ દળ પરિષદના યુવાનો અને અંગ કસરતના ખેલો એ અનેરૂ આકર્ષણ જમાવ્યું હતું.

ભગવાનના રથને ભાવિક ભક્તો દ્વારા દોરડા વડે ખેંચી જય રણછોડ માખણ ચોર ના સુત્રો થી ગગન ગજાવે હતું. શહેરના જુદા જુદા વિસ્તારોમાં ઠેર ઠેર પીજે ઠંડા પાણી છાસ અને આઈસ્ક્રીમ દ્વારા રથયાત્રામાં જોડાયેલ ભાવિકોને પ્રસાદ આપવામાં આવ્યો હતો. પાલનપુર મોટા રામજી મંદિરના મહંત રામાનંદી સંપ્રદાયના સાધુ સંતો સહિત અનેક અગ્રણીઓશહેરના રથયાત્રામાં શ્રદ્ધાળુઓનુંજોડાયા હતા. શહેરના વિવિધ વિસ્તારોમાં ફરી અંદાજે ૧૯ કિલોમીટરના રૂટ ઉપર ફરી રથયાત્રા મોડી સાંજે નીજ મંદિરે પરત ફરી હતી.